# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-08-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. રાજ્યમાં પાત્રતા ધરાવતા કોઈ પણ લાભાર્થીનું NFSA રેશનકાર્ડ રદ કરાશે નહીં- અન્ન પુરવઠા મંત્રીએ આપી ખાતરી
2. સુરત સહિત દેશના વિવિધ શહેરોમાં ED ના દરોડા
3. રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં પોરબંદર ખાતે કરાશે
4. પ્રથમ રાજ્યસ્તરીય સંસ્કૃત સપ્તાહ મહોત્સવ આજે ગાંધીનગરમાં સંપન્ન
5. સુરેન્દ્રનગરના શિરવાણિયાની ખેડૂત પુત્રીએ રાષ્ટ્રીય કક્ષાની કુસ્તી સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# NFSA

રાજ્યમાં પાત્રતા ધરાવતા કોઈ પણ લાભાર્થીનું NFSA રેશનકાર્ડ રદ કરાશે નહીં. રાજ્યના અન્ન-નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ કહ્યું, કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલી યાદીમાં સમાવિષ્ટ કાર્ડ ધારકોને તંત્ર સામેથી જાણ કરે તો મામલતદાર કચેરીએ જરૂરી પૂરાવા રજૂ કરવાથી NFSA કાર્ડ ચાલુ રહેશે. શ્રી બાવળીયાએ ઉમેર્યું, યાદીમાં સમાવિષ્ટ કાર્ડધારકોનું વેરીફીકેશન કરાયા બાદ જે તે લાભાર્થીને મામલતદાર કક્ષાએથી જાણકરવામાં આવે છે કે આપનું નામ ચકાસણી મુજબ નોન-NFSA કરવાપાત્ર જણાય છે. ત્યારે પાત્રતા ધરાવતા હોય તો પાત્રતા મુજબની વિગતો રજૂ કરવાની રહેશે. આમ હાલમાં જે લાભાર્થીઓની પાત્રતા શંકાસ્પદ છે તેઓને જ પોતાની પાત્રતા સ્પષ્ટ કરવા તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

-------------

# ED-SEARCHES

પ્રવર્તન નિદેશાલય – ઇડીએ સુરત સહીત દેશના અલગ અલગ શહેરોમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે.

ગેરકાયદેસર સટ્ટાબાજીની એપ પરિમેચ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં ઇડીએ આજે મુંબઈ, દિલ્હી-NCR, હૈદરાબાદ, જયપુર, મદુરાઈ અને સુરત ખાતે વિવિધ સ્થળોએ દરોડા પાડ્યા હતા. ઇડીના જણાવ્યા અનુસાર, પ્રારંભિક તપાસ માં છેતરપિંડી કરનારા વપરાશકર્તાઓ

પાસેથી ભૂતિયા ખાતાઓમાં 2,000 કરોડ રૂપિયાથી વધુનું ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યુ છે. આ નાણાનું પછી એજન્ટો દ્વારા ચૂકવણુ કરવામાં આવ્યું હતું. ઇડીએ ઉમેર્યું હતું કે આ ભંડોળ ક્રિપ્ટોવૉલેટ, તમિલનાડુના એક વિસ્તારમાં એટીએમ દ્વારા રોકડ ઉપાડ, ઓછા મૂલ્યના યુપીઆઈ ટ્રાન્સફર અને અન્ય પદ્ધતિઓ દ્વારા ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું.

-------------

# HIMATNAGAR-KHEDBRAHMA PROJECT

હિંમતનગરને ખેડબ્રહ્મા જોડતો ઐતિહાસિક મીટર ગેજ ટ્રેક હવે આધુનિક બ્રોડ ગેજ સ્વરૂપે ફરી શરૂ થશે. સતાવાર યાદીમાં જણાવ્યા અનુસાર હિંમતનગર-ખેડબ્રહ્મા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ પૂર્ણતા થવાના આરે છે. તેનું કમિશનર ઑફ રેલવે સેફ્ટી-CRS નિરીક્ષણ શરૂ કરાયું છે. જેમાં હિંમતનગરથી જાદર સુધીના 20 કિલોમીટર વિસ્તારને આવરી લેવાયો. ટીમે સ્ટેશન સુવિધાઓ, ટ્રેક જ્યોમેટ્રી, વળાંકો, પુલો અને રોડ અંડર બ્રિજની વિગતવાર તપાસ કરી.

ઉલ્લેખનીય છે કે હિંમતનગર-ખેડબ્રહ્મા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ, જે સાબરકાંઠા જિલ્લામાં 55 કિલોમીટર સુધી ફેલાયેલો છે. જેને 2 જૂન 2022ના રોજ 482 કરોડ રૂપિયાના ખર્ચે મંજૂરી અપાઈ હતી.

------------

# STATE LEVEL INDEPENDENCE

રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી  આ વખતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પોરબંદર ખાતે કરાશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી મહેસાણા ખાતે ધ્વજવંદન કરશે. રાજ્ય મંત્રીમંડળના સભ્યો અને જિલ્લા કલેકટર વિવિધ જિલ્લા મથકોએ ઉજવણીમાં ભાગ લેશે. સાંભળીએ એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)

*(રાજ્યના નાણાં મંત્રી કનુ દેસાઈ નવસારી ખાતે, જ્યારે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સાબરકાંઠામાં ધ્વજવંદન કરશે, કૃષિ મંત્રી રાઘવજી પટેલ જામનગર ખાતે જ્યારે રાજકોટમાં યોજાનાર સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા ઉપસ્થિત રહેશે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ગાંધીનગર ખાતે  ધ્વજવંદન કરશે. આ ઉપરાંત બળવંતસિંહ રાજપૂત વલસાડમાં, કુંવરજી બાવળીયા ગીરસોમનાથ ખાતે જ્યારે મુળુભાઇ બેરા દ્વારકામાં અને ડો.કુબેર ડિંડોર પંચમહાલ ખાતેના સમારોહમાં હાજર રહેશે. આ સિવાયના જિલ્લામાં જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં ધ્વજવંદન સમારોહ યોજાશે.*

*મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)*

-------------

# VIKRAM SARABHAI

ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા ડો.વિક્રમ સારાભાઈની આજે 106મી જન્મજયંતી નિમિત્તે રાજ્યમાં ગુજકોસ્ટના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો અને લોક વિજ્ઞાન કેન્દ્રો ખાતે આજથી 12 દિવસના અવકાશ વિજ્ઞાન પ્રચાર અભિયાન કાર્યક્રમ યોજાઇ રહ્યા છે. અમદાવાદ ઈસરોના નિયામક નિલેશ દેસાઈએ આ ઉજવણીનો શુભારંભ કરાવ્યો. 23 ઓગસ્ટ સુધી યોજાનારા આ કાર્યક્રમોમાં 50 હજારથી વધુ વિદ્યાર્થી ભાગ લઈ રહ્યા છે. જેની થીમ આર્યભટ્ટથી ગગનયાન-પ્રાચીન જ્ઞાનથી અનંત સંભાવનાઓ" રાખવામાં આવી છે. આ કાર્યક્રમ દરમિયાન ચિત્ર સ્પર્ધા, વૈજ્ઞાનિક ઇન્ટરેક્ટિવ સત્ર, વિજ્ઞાન ફિલ્મ શો, રાષ્ટ્રીય અવકાશ દિવસ પર રીલ મેકિંગ સહિતની સ્પર્ધા યોજાઇ રહી છે.

-------------

# SEA FOOD COVCLAVE

મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયના મત્સ્યઉદ્યોગ વિભાગ દ્વારા આજે નવી દિલ્હીના આંબેડકર ભવન ખાતે દરિયાઇ ખોરાક એટલે કે સીફૂડ નિકાસકારોની પરિષદ યોજાઇ ગઇ. વિશાળ દરિયાકિનારો ધરાવતા અને સી ફુડ ઉદ્યોગમાં નોંધપાત્ર ફાળો આપનારા ગુજરાત સહિતના દરિયાકિનારાના રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓએ  પરિષદમાં ભાગ લીધો હતો.

આ તકે સંબોધતાં કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહે વૈશ્વિક બજારની પહોંચ વધારવા માટે વ્યૂહરચના ઘડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

તેમણે "મૂલ્યવર્ધન તેમજ રાજ્યને લગતી વિશિષ્ટ પ્રજાતિઓની ઓળખ ભારતના સીફૂડ નિકાસ વધારવા માટે મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું.

. . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# (TIRANGA TUNE)

# HAR GHAR TIRANGA - DISTRICT

રાજયભરમાં ચાલી રહેલી તિરંગા યાત્રા દ્વારા લોકોમાં રાષ્ટ્રનિર્માણની સામૂહિક પ્રતિબદ્ધતા જાગૃત થઈ રહી છે.

ગાંધીનગરમાં સેક્ટર-6 ખાતે મહિલા અને બાળ કલ્યાણમંત્રી ભાનુબેન બાબરીયાએ તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું. ગાંધીનગર જિલ્લાની આ તિરંગા યાત્રામાં, સાંસ્કૃતિક પરિધાન સાથે કૃતિ રજુ કરવામાં આવી હતી,

પાટણના સિદ્ધપુરમાં કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં ઉજવાયેલ આ અભિયાનમાં તિરંગા ફરકાવી દેશપ્રેમનો સંદેશ અપાયો. મંત્રીશ્રીએ સ્વયં સફાઈ કરી નાગરિકોને ઘેરઘેર સ્વચ્છતા જાળવવા માટે પ્રેરિત કરી સ્વસ્થ સમાજ અને વિકાસશીલ ભારત તરફ આગળ વધવાનો સંકલ્પ લેવડાવ્યો.

જામનગરમાં યોજાયેલ તિરંગા યાત્રામાં નગરજનોની સાથે સાથે પોલીસ અશ્વ દળ, પોલીસ બેન્ડ, આર્મી, એરફોર્સ, નેવીના પ્લાટુન જોડાયા હતા. જ્યારે યાત્રાની સાથે યોજાયેલ મણિયારો રાસ તથા પ્રાચીન અર્વાચીન ગરબા સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ વિષે પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે યાત્રામાં જોડાયેલા માજી સૈનિક ભરતસિંહ જાડેજા....

**( બાઇટ –ભરતસિંહ જાડેજા -માજી સૈનિક )**

દિવની શાળામાં આ અભિયાન હેઠળ દિવાલ ચિત્રો, રંગોળી, ચિત્રકામ, જેવી વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમોનું આયોજન કરાયું.

નવસારી જિલ્લાના બીલીમોરા ખાતે 75 મીટર લાંબા તિરંગા સાથેની યાત્રા યોજાઈ, જેમાં 1200થી વધુ લોકો જોડાયા.

ગીર સોમનાથ જિલ્લામાં અભિયાન અંતર્ગત 'હરઘરતિરંગા.કોમ' પર પોતાની તિરંગા સેલ્ફી અપલોડ કરવા જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી.

આ ઉપરાંત રાજયમાં મહેસાણાના બહુચરાજી, વિજાપુર, મોરબીના હળવદ, છોટાઉદેપુર, પાલનપુર, અમરેલી, ભરુચ, અરવલ્લી તેમજ દમણ, અને દીવના મુખ્ય માર્ગો પર પણ વિશાળ તિરંગા યાત્રા યોજાઈ.

-------------

# SANSKRIT SAPTAH SAMAPAN

પ્રથમ રાજ્યસ્તરીય સંસ્કૃત સપ્તાહ મહોત્સવ આજે ગાંધીનગર ખાતે સંપન્ન થયો. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા ટાઉનહોલ ખાતે યોજાયેલા સમાપન સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યુ, સંસ્કૃત એ માત્ર ભાષા નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિનું પ્રાણતત્વ છે. તેમણે પ્રાચીન ભારતીય સમાજની શિક્ષણની વ્યાપકતા પર પણ પ્રકાશ પાડ્યો.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે જણાવ્યું કે, સંસ્કૃત સાહિત્યના માધ્યમથી જ્ઞાન- વિજ્ઞાન અને રાષ્ટ્રને મજબૂત બનાવે છે. કાર્યક્રમમાં રાજ્યપાલના હસ્તે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની વેબસાઈટનું પણ વિમોચન કરાયું હતું.

-------------

# WEATHER FORECAST

ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં આજે ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી 4 દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદ જ્યારે ત્યારબાદ 16, 17 અને 18 ઑગસ્ટે ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયુ છે. ત્યારે માછીમારો દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના નિયામક ડો.એ.કે.દાસે જણાવ્યુ.

(બાઇટ : ડો.એ.કે.દાસ, નિયામક, હવામાન વિભાગ)

-------------

# GOLD MEDAL KUSHTI-SURENDRANAGAR

સુરેન્દ્રનગરના શિરવાણિયા ગામની ખેડૂત પુત્રીએ રાષ્ટ્રીય કક્ષાએ કુસ્તી સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક હાંસલ કરી ઝાલાવાડ સહિત સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

છત્તીસગઢના રાજ્યના બિલાસપુર ખાતે અખિલ ભારતીય કુસ્તી સંઘ દ્વારા યોજાયેલ જુનિયર કક્ષાની કુસ્તી સ્પર્ધામાં ધોરણ 11 માં અભ્યાસ કરતી કોમલ મેર એ અન્ડર 15 માં 44 થી 48 કિલોગ્રામ વજન શ્રેણીમાં ફ્રી સ્ટાઈલ કુસ્તીમાં શાનદાર પ્રદર્શન કરી આ સિદ્ધિ મેળવી છે. કોમલની આ સિદ્ધિ થી પરિવાર તેમજ સમગ્ર ગામમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ વિષે સાંભળીએ વિજેતા ખેલાડી કોમલ મેરનો પ્રતિભાવ..

(બાઇટ –કોમલ મેર –સુવર્ણ ચંદ્રક વિજેતા )

-------------

# SHARDAPITH-KASHMIR YATRA

બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે આજે શારદાપીઠ–કાશ્મીર યાત્રાનું પાલનપુરથી પ્રસ્થાન કરાવ્યું. આ યાત્રા 13 ઓગસ્ટથી 16 ઓગસ્ટ સુધી ચાલશે. પાલનપુરથી પ્રસ્થાન બાદ યાત્રિકો આરાસુરી અંબાજી મંદિરે મા જગદંબાના આશીર્વાદ પ્રાપ્ત કરશે.

આ યાત્રા અંતર્ગત શારદાપીઠ ખાતે માટીનું શ્રીયંત્ર અને અખંડ ભારતની પ્રતિમા અર્પણ કરાશે. ભક્તમંડળ કાશ્મીરના પાન્ડ્રેથન, ઝીસ્તા દેવી, શંકરાચાર્ય, દુર્ગા નાગ, ગણપત્યાર, શારીકા દેવી, વિચાર નાગ અને ખીર ભવાની જેવા પવિત્ર મંદિરોની મુલાકાત લેશે. આ યાત્રાના અંતે શારદાપીઠ ખાતે સમૂહિક આભારવિધિ યોજાશે.

-------------

# TRAIN CANCELLED

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના પ્રતાપનગર યાર્ડમાં બ્લોકને કારણે આજે અને આવતીકાલે કેટલીક ટ્રેનો રદ રહેશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે એકતાનગર-પ્રતાપનગર મેમુ ટ્રેન, પ્રતાપનગર-એકતાનગર મેમુ ટ્રેન, છોટા ઉદેપુર-પ્રતાપનગર પેસેન્જર ટ્રેન અને પ્રતાપનગર-છોટા ઉદેપુર પેસેન્જર ટ્રેન આજે અને આવતીકાલે રદ રહેશે.

------------